(1) ડિલિમિટેશન (Delimitation) કમિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે બંધારણના અનુચ્છેદ-82 સાથે સંકળાયેલ છે.
(2) આ કમિશનની નિમણૂક કેબિનેટ દ્વારા કરવામાં આવે છે.
(3) તેના બંધારણમાં સામાન્ય રીતે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ તથા મુખ્ય ચૂંટણી કમિશનર હોય છે.
(4) તેનો હેતુ 'વન વોટ વન વેલ્યુ'ના નિયમને અનુસરવાનો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ સરકાર દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર, લદાખ અને કેટલાંક પૂર્વોત્તર રાજ્યોના લોકસભાના મત–વિસ્તારની પુનઃગોઠવણી માટે ડિલિમિટેશન કમિશનની રચના કરવામાં આવી છે.

⇛ ડિલિમિટેશન કમિશનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને તે ભારતના ચૂંટણીપંચ સાથે સહયોગ સાથે કાર્ય કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બંધારણના અનુચ્છેદ-82 મુજબ સંસદ દરેક વસતી ગણતરી બાદ એક ડિલિમિટેશન અધિનિયમની રચના કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેના બંધારણમાં સામાન્ય રીતે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ, મુખ્ય ચૂંટણી કમિશનર તથા જે–તે રાજ્યના રાજ્ય ચૂંટણી કમિશનર હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ડિલિમિટેશન કમિશનના હેતુઓ :

- વસતીના સરખા ભાગને સરખું પ્રતિનિધિત્વ આપવું.
- ભૌગોલિક વિસ્તારોની યોગ્ય વહેંચણી કરવી જેથી કોઈ એક રાજકીય પક્ષને અન્ય કરતાં વધુ લાભ ન મળી શકે.
- 'વન વોટ વન વેલ્યુ'ના નિયમને અનુસરવો. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) WHO દ્વારા રચવામાં આવેલ 'WHO ફાઉન્ડેશન' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમાં સામાન્ય માણસ પણ ફંડ/ફાળો આપી શકશે.

(2) તે કાયદાકીય રીતે WHOથી સ્વતંત્ર હશે.

(3) શરૂઆતના સમયમાં આ ફાઉન્ડેશન આપાતકાલીન પરિસ્થિતિ તથા પેન્ડેમીક પર ધ્યાન કેન્દ્રિત કરશે.

(4) તે WHOના 'ટ્રિપલ બિલિયન' લક્ષ્યોને પૂર્ણ કરવા WHOને ફંડ આપશે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ WHO દ્વારા એક ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે જેથી તેના ફંડીંગના સ્ત્રોતો વધી શકે.

⇛ આ ફાઉન્ડેશન WHOથી કાયદાકીય રીતે સ્વતંત્ર હશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો હેતુ વૈશ્વિક જાહેર આરોગ્યની જરૂરિયાતોને સહાય પૂરી પાડવાનો છે. શરૂઆતના સમયમાં તે આપાતકાલીન પરિસ્થિતિ તથા પેન્ડેમીક પર ધ્યાન કેન્દ્રિત કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ફાઉન્ડેશનમાં સામાન્ય માણસ પણ પોતાનો ફાળો આપી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનું લક્ષ્ય WHOના ફંડ આપનાર લોકોમાં વધારો કરવાનું છે જેથી ટકાઉ ફંડીંગ તરફ પ્રયાણ કરી શકાય.

⇛ તે WHOને તથા તેના કેટલાંક ભાગીદારોને 'ટ્રિપલ બિલિયન' લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ફંડ આપશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ટ્રિપલ બિલિયન લક્ષ્યો :–

- 1 બિલિયન લોકોનો આરોગ્યની કટોકટીમાંથી બચાવ કરવો.
- સાર્વત્રિક આરોગ્ય સેવાના કવરેજને 1 બિલિયન લોકો સુધી વિસ્તૃત કરવું.
- 2023 સુધીમાં 1 બિલિયન લોકોના સ્વસ્થ અને તંદુરસ્ત જીવનની ખાતરી કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) OSOWOG પ્લાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ ‘વન સન વન વર્લ્ડ વન ગ્રીડ’ છે.
(2) આ પ્લાન ભારત સરકારનો છે.
(3) આ પ્લાન વર્લ્ડ બેંકના ‘ટેક્નીકલ આસીસ્ટન્સ પ્રોગ્રામ’ હેઠળ હાથ ધરવામાં આવ્યો છે.
(4) આ પ્લાનના અમલીકરણમાં 2 મુખ્ય ભાગ પાડવામાં આવ્યા છે : ઉષ્ણકટિબંધીય વિસ્તારના દેશ તથા અન્ય દેશ.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વર્તમાન સમયે ભારત સરકાર દ્વારા તેના એક ખૂબ જ મહત્ત્વકાંક્ષી પ્લાન ‘વન સન વન વર્લ્ડ વન ગ્રીડ’ (OSOWOG)ની ચર્ચા કરવામાં આવી રહી છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ અંતર્ગત વૈશ્વિક સહયોગના આધારે એક ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે. જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો (ખાસ કરીને સૂર્યઊર્જા)ની એક વૈશ્વિક રીતે આંતરજોડાણ ધરાવતી પ્રણાલી બનાવવાની યોજના છે.

⇛ આ પ્લાન પાછળનું વિઝન છે કે, ‘સૂર્ય કદી આથમતો નથી’. અર્થાત્ પૃથ્વી પર કોઈ એક સ્થળે કોઈ પણ સમયે સૂર્ય ઊગેલો હશે.

⇛ આ પ્લાન વર્લ્ડ બેંકના ટેક્નીકલ આસીસ્ટન્સ પ્રોગ્રામ હેઠળ હાથ ધરવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્લાન હેઠળ ભારતને મધ્યમાં રાખીને સૂર્યના કિરણોના આધારે 2 ઝોન બનાવવામાં આવ્યાં છે. (1) Far East (પૂર્વ ભાગ) : મ્યાનમાર, વિયેતનામ, થાઈલેન્ડ, કમ્બોડીયા વગેરે (2) Far West (પશ્ચિમ ભાગ) : મધ્ય પૂર્વ અને આફ્રિકાનો વિસ્તાર. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ટેલિકોમ રેગ્યુલેટરી અથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા અધિનિયમ, 1997 હેઠળ કરવામાં આવેલું છે.
(2) વર્ષ 2004માં આ અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો અને TDSATની રચના કરવામાં આવી હતી.
(3) DTH (ડાયરેક્ટ ટુ હોમ) સેવા તેના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.
(4) તેના ચેરપર્સન તથા સભ્યોની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ TRAI દ્વારા વર્તમાન મોબાઈલ સેવાના નંબરીંગ માટેની પોતાની ભલામણોને જાહેર કરેલી છે.

⇒ TRAI એ એક વૈધાનિક સંસ્થા છે જેની સ્થાપના ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા અધિનિયમ, 1997 હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ તે ભારતના ટેલિકોમ ક્ષેત્રની નિયામક સંસ્થા છે.

⇒ વર્ષ 2000માં TRAI અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો અને TDSAT (Telecom Disputes Settlement and Appellate Tribunal)ની સ્થાપના કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ TRAI વિવિધ વિષયો પર પોતાના ઓર્ડર તથા દિશાસૂચન જાહેર કરે છે. આ વિષયોમાં ટેરિફ, આંતરજોડાણ, સેવાની ગુણવત્તા, DTH સેવા, મોબાઈલ નંબર પોર્ટેબિલીટી વગેરેનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ તેના બંધારણમાં એક ચેરપર્સન અને મહત્તમ 2 પૂર્ણકાલીન સભ્યો અને મહત્તમ 2 પાર્ટ–ટાઈમ સભ્યો હોય છે.

⇒ ચેરપર્સન તથા સભ્યોની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે અને તેમનો કાર્યકાળ 3 વર્ષનો અથવા 65 વર્ષની ઉંમર સુધીનો હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) K-FON પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રોજેક્ટ કર્ણાટક દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે.

(2) K-FONનું પૂરું નામ કાયનેટીક ફાઈબર ઓપ્ટિક નેટવર્ક છે.

(3) આ કાર્યક્રમનું અમલીકરણ રાજ્ય વિજ બોર્ડ દ્વારા કરવામાં આવશે.

(4) પ્રોજેક્ટ દ્વારા દરેક પરિવારને ઈન્ટરનેટની સુવિધા મળી શકશે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 30 મે, 2020ના રોજ કેરળ દ્વારા K-FON પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ અહીં K-FONનું પૂરું નામ કેરળ ફાઈબર ઓપ્ટિક નેટવર્ક છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટનું અમલીકરણ ડિસેમ્બર, 2020 સુધીમાં કરવામાં આવશે.

⇛ અમલીકરણ સ્ટેટ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અને રાજ્ય વિજ બોર્ડ દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અંતર્ગત દરેક ઘર તથા ઓફિસને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક દ્વારા જોડવામાં આવશે. આથી, દરેક પરિવારને ઈન્ટરનેટની કનેક્ટિવિટી મળી શકશે. ઉપરાંત BPL સિવાયના લોકોનો પણ આ અંતર્ગત સમાવેશ કવરામાં આવ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE iceraj kot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT